# કારકિર્દી ગમે એટલી સારી હોય, પહેલાં તો પરિવાર જ આવે: પ્રિટી ઝિન્ટા



**આઠ વર્ષ સુધી સિનેમાથી દૂર રહ્યા બાદ 'બટવારા 1947' દ્વારા પ્રિટી ઝીંટાએ વાપસી કરી છે. રાજકુમાર સંતોષી દ્વારા દિગ્દર્શિત અને આમીર ખાન દ્વારા પ્રોડ્યુસ કરાયેલી આ ફિલ્મમાં પ્રિટીની સાથે લીડ રોલમાં સની દેઓલ છે જે તેમની અગાઉની ફિલ્મોની કેમેસ્ટ્રીની યાદ અપાવે છે. પોતાની ચુલબુલી અદાઓ માટે લોકપ્રિય બનેલી પ્રિટી અમારી સાથે વાતચીતમાં પરિવાર, માતૃત્વ, તે આટલા વર્ષો સુધી સિનેમાથી દૂર શા માટે રહી અને હવે શા માટે ફરી સિનેમા તરફ વળી છે તેના વિષે વાત કરે છે.**

**આટલા લાંબા સમયગાળા પછી ફિલ્મ બટવારા 1947 દ્વારા જ કેમ તે વાપસી કરવાનું નક્કી કર્યું?**

મને ફિલ્મ્સ કરવા માટેની ઓફર્સ મળતી હતી પરંતુ, મને ત્યારે ફિલ્મ્સ કરવી ન હતી. મારી જ્યારે આમીર ખાન સાથે વાત થઈ ત્યારે મેં હજી સ્ક્રિપ્ટ વાંચી ન હતી. મને લાગ્યું કે કોઈ કોમેડી ફિલ્મ હશે. પછી મને આમીરે કહ્યું કે આ રાજજીની ફિલ્મ છે. આ સ્ક્રિપ્ટ એક વાર જોઈ લે. સ્ક્રિપ્ટ વાંચ્યા પછી મારા મનમાં એક જ વાત આવી કે હું આ ફિલ્મ કરવાની છું.

**છેલ્લા ઘણા સમયથી અમે તને ફક્ત ક્રિકેટ ગ્રાઉન્ડ પર જ જોઈ છે. સિનેમાથી દૂર હતી તે સમયે શું તું એક્ટિંગને મિસ કરતી હતી?**

(સ્મિત સાથે) સાચું કહું તો હું મિસ નહોતી કરતી. હું મારો પારિવારિક સમય એન્જોય કરતી હતી. બાળકો હોવા, પરિવાર સાથે સમય વિતાવવો એ મારા માટે નવું હતું. હું મારા અંગત જીવન પર ધ્યાન આપી રહી હતી. મારી કારકિર્દી ગમે તેટલી સારી રહી હોય પણ, બાળકો અને મારો પરિવાર મારા સૌથી મહત્ત્વના લક્ષ્યો હતા. હું પહેલું પ્રાધાન્ય પરિવારને જ આપું છું. આ જ કારણસર હું આ ફિલ્મ સાથે તાદાત્મ્ય સાધી શકી છું.

શો-શા

**વર્ષો પછી કેમેરાનો સામનો કરતી વખતે શું તું નર્વસ હતી?**

હું ખૂબ જ નર્વસ હતી. મેં રાજ કુમાર સંતોષી સાથે ક્યારેય કામ કર્યું ન હતુ. તેમની સાથે કામ કરવાની મારી ઈચ્છા હતી. તેમણે મને શુટિંગના પહેલા જ દિવસે ફિલ્મનો સૌથી અઘરો સીન આપી દીધો. હું તેમને જોતી હતી અને ગભરાતી હતી કે હવે હું શું કરું? પણ, તે હું ચોક્કસ કહીશ કે તેઓ ઉદાર દિલવાળા સારા માણસ છે. સની મને કહ્યા કરતો હતો, 'ફિકર ન કરીશ. રીલેક્સ થઈ જા.' તેને વારંવાર રીટેક આપવામાં કોઈ પ્રોબ્લેમ આવતો નથી. મને યાદ છે [ફિલ્મ શરુ થતા પહેલા] હું વિમાનમાંથી ઉતરી, હજી મારો સામાન આવ્યો ન હતો, મેં લુક ટેસ્ટ આપ્યો અને બીજા જ દિવસે અમે શુટિંગ કરી રહ્યા હતા. પણ તે પછી, બધું સરળ રહ્યું કારણ કે, જ્યારે તમે સૌથી મુશ્કેલ સીન પહેલા કરો છો ત્યારે બાકીનું બધું સરળ થઈ જાય છે.

**ઘણા લાંબા સમય પછી સની દેઓલ સાથે કામ કરવાનો અનુભવ કેવો રહ્યો?**

ભગવાનનો ઘણો આભાર, કે કશું જ બદલાયું નથી. તે સારો એક્ટર છે, હજી પણ ઉત્સાહિત છે, તે ઘરેથી સારું ભોજન લઈ આવે છે અને તે હજી પણ શાંત છે. એકમાત્ર પરિવર્તન એ હતું કે મેં એવો કોઈ સીન તેની સાથે નહોતો કર્યો કે જેમાં તે નિરાશ થઈને રડતો હોય. તેનો સીન જોઈને અમે હચમચી ગયા હતા. મને જો કમ્ફર્ટ ઝોન ન મળ્યું હોત તો ફિલ્મ કરવી મારા માટે ઘણી મુશ્કેલ હતી કારણ કે હું સની અને સંતોષ સીવાન [સિનેમેટોગ્રાફર] સિવાય કોઈને ઓળખતી ન હતી. મારા માટે બધા જ નવા હતા, બધું અલગ હતું.

**હવે તારી વાપસી થઇ છે તો શું તું બીજી ફિલ્મ કે સીરીઝ કરવાનું વિચારી રહી છે?**

સીરીઝ માટે હું ચોક્કસ ન કહી શકું કારણ કે તે ઘણો સમય માંગી લઈ છે અને મારા બાળકો હજી ઘણા નાના છે. પરંતુ, જો કઈ ગમી જાય તો હું તે ચોક્કસ કરીશ. હું આભારી છું કે મારા પતિ ખૂબ જ કુલ છે અને હું બે મહિના બહાર હતી ત્યારે તેમણે બાળકો સાથે બધું સાચવી લીધું. સીરીઝ વિષે હું ચોક્કસ ન કહી શકું કારણ કે તેના માટે મારે અહીં 6-8 મહિના રહેવું પડે. જો તમે બાળકો માટે સમય ન કાઢી શકો તો કામ કરવાનો શો મતલબ છે? ઘણા લોકો હોય છે જેમની પાસે કોઈ વિકલ્પ હોતો નથી, પરંતુ, જો તમારી પાસે વિકલ્પ હોય તો બાળકોને સમય આપવો જ જોઈએ. જ્યાં સુધી તેઓ થોડા મોટા ન થાય ત્યાં સુધી મારે તેમને મારાથી દૂર રાખવા નથી.

**તારા બાળકોમાં કયા મૂલ્યો તું વિકસાવવા માંગે છે?**

મારા બાળકો અડધા અમેરિકન છે અને અડધા ભારતીય છે પરંતુ, તેમનામાં 100 % ભારતીય મૂલ્યો આવ્યા છે. મોટાભાગે બાળકોમાં માતાનાં મૂલ્યો આવતા હોય છે કારણ કે માતા મોટાભાગે બાળકોની સૌથી વધારે નજીક હોય છે, નાના હોય ત્યારે તેઓ સૌથી વધે સમય માતા સાથે વિતાવે છે. હું ઈચ્છું છું કે મારા બાળકો બંને દેશોના શ્રેષ્ઠ મૂલ્યો અપનાવે. માતા બનતા પહેલા મને ઘણું કહેવામાં આવતું હતું કે તારે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ. •



# પૂજા હેગડે

RAPID FIRE

## એક્શન હિરોઈન બનવાનું મન છે

**બોલિવૂડમાં એન્ટ્રી કેવી રહી?**
નવો અનુભવ, નવી ચેલેન્જ!

**ગ્લેમર કે એક્ટિંગ?**
ગ્લેમર તો છે જ, પણ એક્ટિંગ ફર્સ્ટ!

**રોમેન્ટિક રોલ કે એક્શન રોલ?**
એક્શન રોલ!

**પેન ઇન્ડિયા ફિલ્મ કે હિન્દી ફિલ્મ?**
પેન ઇન્ડિયા વાઇબ જ અલગ છે!

**નવો પ્રોજેક્ટ સાઇન કરતી વખતે શું જુઓ છો?**
સ્ક્રિપ્ટ, કેરેક્ટર અને ટીમ!

**નવો પ્રોજેક્ટ?**
નવી જોડી, નવી સ્ટોરી... એક્સાઇટમેન્ટ ફુલ!

**'કંચના 4' માટે કેટલી એક્સાઇટેડ છો?**
ખૂબ જ!

**હોરર ફિલ્મમાં કામ કરવાનો અનુભવ?**
ડર કરતાં એક્સાઇટમેન્ટ વધારે!

**આગામી ફિલ્મોમાં શું નવું જોવા મળશે?**
નવા કેરેક્ટર્સ અને નવી પૂજા!

**સ્ટ્રોંગ વુમન કેરેક્ટર કરવું છે?**
બિલકુલ!

**અક્શન હિરોઇન બનવાનું મન છે?**
100 ટકા! ફુલ-ઓન એક્શન જોઈએ!

**વેબ સિરીઝમાં ડેબ્યૂ?**
સારી સ્ક્રિપ્ટ મળે તો ચોક્કસ!

**કેરિયરમાં હવે શું સાબિત કરવું છે?**
હું માત્ર ગ્લેમર માટે નથી!

**ફિલ્મ ન ચાલે ત્યારે?**
મૂવ ઓન અને નેક્સ્ટ પર ફોકસ!

**ફેન્સનો પ્રેમ કે બોક્સ ઓફિસ?**
ફેન્સનો પ્રેમ હંમેશાં સ્પેશિયલ!

**કેવા કો-સ્ટાર સાથે કામ કરવું ગમે?**
જેની સાથે કેમિસ્ટ્રી સ્ક્રીન પર ધમાકો કરે!

**ડ્રીમ જોનર?**
એક્શન, થ્રિલર અને એક ઇન્ટેન્સ ડ્રામા!

**શૂટિંગ પછી શું કરવું ગમે?**
મી-ટાઇમ, ફૂડ અને થોડો રેસ્ટ! •



# ફુલટાઈમ કોમેડી કરી 'દિલ-જીત'શે?

દિલજીત દોસાંઝનું નામ પડે એટલે ગૂગલના સર્ચ બારથી લઈને સોશિયલ મીડિયાના ટ્રેન્ડિંગ પેજ સુધી એક જ ચર્ચા શરૂ થઈ જાય ભાઈ, આ માણસ ક્યારેય થાકતો કેમ નથી? હાલમાં આ ભલભલાને ઘાયલ કરનાર પંજાબી સુપરસ્ટાર પોતાની ધમાકેદાર 'ઓરા વર્લ્ડ ટૂર' લઈને યુરોપની સુંદર ગલીઓમાં ધમાલ મચાવી રહ્યો છે. સ્ટેજ પર તો તે પોતાના ગીતોથી આગ લગાડે જ છે, પણ હવે એવું લાગે છે કે સિંગિંગ અને એક્ટિંગ છોડીને દિલજીત ભાઈ ફુલટાઈમ સ્ટેન્ડ-અપ કોમેડી કે ટૂરિઝમ ગાઈડના ધંધામાં ન ઉતરી જાય!

પ્રાગની રોમેન્ટિક બોટ રાઈડ્સ હોય કે બર્લિનની ઠંડી-ઠંડી સડકો પર અચાનક શરૂ થઈ જતો સ્ટ્રીટ ભાંગડા, દિલજીતનો દેશી અંદાજ વિદેશીઓની પણ ઊંઘ ઉડાડી રહ્યો છે. સોશિયલ મીડિયા પર તેમના આ પ્રવાસના વ્લોગ્સ જોઈને ફેન્સ પળેપળની મજા માણી રહ્યા છે. ક્યારેક તે કોઈ લોકલ કાફેમાં જઈને પંજાબી સ્ટાઈલમાં ખાણીપીણીની મજા લે છે, તો ક્યારેક રસ્તા પર જ વરહાલમાં આવીને નાચવા લાગે છે. પણ આ બધામાં હદ તો ત્યારે થઈ જ્યારે ભાઈ પહોંચ્યા ઈટલીના ફેશનેબલ શહેર મિલાન! પ્રાઈવેટ પ્લેનમાં બેસીને મિલાન તરફ રવાના થતી વખતે દિલજીતે એક એવો વીડિયો બનાવ્યો કે જેને જોઈને સારા-સારા રાજનેતાઓ પણ પેટ પકડીને હસી પડે. વીડિયોમાં દિલજીત એકદમ રોયલ અંદાજમાં સીધા ઈટલીના વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોનીને સંબોધિત કરતા કહે છે, "જ્યોર્જિયા મેલોનીજી, આવો અને મારું સ્વાગત કરો!" હવે વિચારો, પંજાબના 'લવ ઈન ટેક્સસ' વાળા દિલજીત ભાઈ ઈટલીના વડા પ્રધાનને સીધો પડકાર ફેંકે કે એરપોર્ટ પર સ્વાગત કરવા આવજો! આ ખુલ્લા પંજાબી મિજાજ અને બેફિકર અંદાજે ઈન્ટરનેટ પર ખળભળાટ મચાવી દીધો છે.

વાયરલ

વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ યુઝર્સે કોમેન્ટ્સનો વરસાદ શરૂ કરી દીધો. કોઈએ લખ્યું કે હવે ઈટલીની કોફી સાથે પંજાબી સમોસા ખાવાનો ટાઈમ આવી ગયો છે, તો કોઈએ મજાકમાં કહ્યું કે જ્યોર્જિયા મેલોનીએ હવે પંજાબી ભાષા શીખી જ લેવી પડશે. જ્યારે વિદેશી ધરતી પર પંજાબી ધૂનો વાગે છે, ત્યારે ત્યાંના ગોરાઓ પણ દિલજીતની સાથે ભીડમાં ભંગડા કરવા મજબૂર બની જાય છે. ઈટલીમાં આ દેશી ક્રેઝ જોઈને એવું ચોક્કસ લાગે કે ગ્લોબલાઈઝેશનનો અસલી મતલબ તો દિલજીત દોસાંઝ જ સમજાવી રહ્યા છે. હવે ચાહકો અને સોશિયલ મીડિયાની જનતા આતુરતાથી રાહ જોઈ રહી છે કે યુરોપ ટૂરના આગામી સ્ટોપ પર દિલજીત કયો નવો પડાપડી કે મનોરંજક કાંડ કરે છે. ભલે તે સિંગિંગ કરે કે એક્ટિંગ, પણ એક વાત નક્કી છે કે દિલજીત જ્યાં પણ જાય, મનોરંજનની ગેરંટી પક્કી હોય છે! •

**સ્ટેજ પર તો તે પોતાના ગીતોથી આગ લગાડે જ છે, પણ હવે એવું લાગે છે કે સિંગિંગ અને એક્ટિંગ છોડીને દિલજીત ભાઈ ફુલટાઇમ સ્ટેન્ડ-અપ કોમેડીના ધંધામાં ન ઉતરી જાય!**